**ક્રમાંક–૨૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **નિયમ–૫૧ હેઠળ સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે**

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા દ્વારા તા. ૨૪મી માર્ચના રોજ સંસદમાં થયેલ નિર્ણયના અનુસંધાને મુદ્દો ઉપસ્થિત કરતા, અત્યારે પ્રશ્નોત્તરીનો સમય હોઇ, પ્રજાના પ્રશ્નોનો ઉકેલ પહેલા, ત્યારબાદ ચર્ચા આપણે કરીશું તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવતાં, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પ્લેકાર્ડ દર્શાવી, સતત સૂત્રોચ્ચાર કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આવા દેખાવો ન કરવા અને પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર સાથે વેલમાં આવી જતા, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યશ્રીઓને નેઇમ કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પોતાના સ્થાન ઉપર જવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતાં, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ પ્લે–કાર્ડ દર્શાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું સતત ચાલુ રાખતા કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલ સભ્યશ્રીઓને નિયમ–૫૧ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા અને માનનીય સભ્યશ્રીઓને માનપૂર્વક બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

૨. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૨૭મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૪, ૬, ૭, ૧૦, ૧૨, ૧૩, ૧૬, ૧૭ અને ૧૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના તેમજ સભાગૃહમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૩, ૫, ૮, ૯, ૧૧, ૧૪ અને ૧૫ને અતારાંકિત ગણાવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૯થી ૧૨૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**કોંગ્રેસના સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે**

સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી કાળ મહત્વનો હોઇ તે દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા કાળાં કપડાં ધારણ કરીને હાથમાં પ્લે–કાર્ડ બતાવી, સતત સૂત્રોચ્ચાર કરી, વેલમાં ધસી આવી, સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડતા, માનનીય અધ્યક્ષશ્રીની કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને પોતાની જગ્યા ઉપર સ્થાન લેવા માટેની વારંવાર વિનંતી કરવા છતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત ખલેલ પહોંચાડનાર કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ અને ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા અને નેઇમ કરેલા તમામ સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

કર વસૂલાત ખર્ચ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી

ક્રમાંક–૧૮ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણા વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ માનનીય સભ્યશ્રીએ રજૂ કરી. માગણી ક્રમાંક–૧૩, માગણી ક્રમાંક–૧૫ માગણી ક્રમાંક– ૧૬, માગણી ક્રમાંક–૧૭ અને માગણી ક્રમાંક–૧૮ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સી.કે. રાઉલજી
(૨) શ્રીમતી મનીષાબેન વકીલ
(૩) શ્રી અરૂણસિંહ રણા
(૪) શ્રી અમુલ ભટ્ટ
(૫) શ્રી અનિરુદ્ધ દવે
(૬) શ્રી અરવિંદ રાણા
(૭) શ્રી સંજય કોરડિયા
(૮) શ્રીમતી રીવાબા જાડેજા
(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૧૫**

ત્યારબાદ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણા વિભાગની ચર્ચાનો જવાબ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા નાણા વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક–૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **સન ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ માગણી ક્રમાંક–૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે.**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભાની બેઠક આજ રોજ તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ ના રોજ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં વિધાનસભાની બેઠક પૂરી થયા પછી તરત જ રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીએ તેમાં અચૂક હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, ૨૮મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪–૧૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.